પાલનપુર નગરપાલિકાની સાધારણ સભા આજરોજ નગરપાલિકાના સભાખંડમાં યોજાઈ હતી. જેમાં સૌ પ્રથમ નગરપાલિકાના ત્રણ કર્મચારીઓના દેહાન્ત થતા સભામાં બે મીનીટનું મૌન પાળી સભાની શરૂઆત કરવામાં આવી હતી. પાલનપુર નગરપાલિકાના જનરલ બોર્ડની સાધારણ સભા આજરોજ પ્રમુખ હસમુખભાઈ પઢિયારના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં પાલનપુર શહેરના વિકાસના ૧૬ કામો સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા. જેમાં કામ નંબર.૭માં જે વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ રહે છે તે વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે પાઈપલાઈન, જહાંનારાબાગ ફાયર સ્ટેશન પાસે ટાઉન હોલ બનાવવો, ૧૦ આંગણવાડી તેમજ ૨ કોમ્યુનિટી હોલ અને સી.સી. રોડના કામોને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

દિપોત્સવી પર્વે ઉત્તર ગુજરાતના બજારો ધમધમી ઉઠયા

બજારોમાં છેલ્લી ઘડીએ ખરીદી માટે લોકોનો ભારે ધસારો

દિપોત્સવી પર્વ ભારતીય સમાજમાં અનેરું સ્થાન ધરાવે છે. દિવાળી એટલે પ્રકાશનું પર્વ. પ્રકાશ દિવાળીનું અવિભાજય અંગ છે. જીવનને રંગો અને ઉજાસથી ભરી દેતી દિવાળીને ઉજવવા માટે લોકોમાં અનેરો થનગનાટ દેખાઈ રહ્યો છે. ત્યારે હાલ ઉત્તર ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓ સાબરકાંઠા, બનાસકાંઠા અને અરવલ્લી જિલ્લામાં હાલ બજારો ધમધમી ઉઠયા છે.

સ્થાનિકો દિવાળીની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. બજારોમાં પણ અવનવી વેરાયટીના કપડા, ઈલેકટ્રોનિક આઈટમો, પૂજાનો સામાન, રંગોળી, સોના-ચાંદીના બજારોમાં હાલ ખરીદી અર્થે લોકો ઉમટી રહ્યા છે. સમારંતે મંદ મંદ બજારોમાં મોંઘવારી વેપારીઓ અને ગ્રાહકો બંનેને સતાવી રહી છે. બનાસકાંઠા જિલ્લાના ડીસા, પાલનપુર, થરાદ, શિહોરી સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ જયારે અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, ધનસુરા, ભિલોડા વગેરે મુખ્ય શહેરના બજારોમાં ભારે ભીડ જામી રહી છે. અગિયારસથી આ દિપોના પર્વની શરૂઆત થઈ ગઈ છે. જયારે આવતી કાલે ધનતેરસ હોવાથી સોના ચાંદીના બજારોમાં ચોકકસ સમયે સોનું-ચાંદી ખરીદવા ભારે ધસારો જોવા મળશે. છેલ્લી ઘડીના સમયે હાલ બજારોમાં પણ ભારે ભીડ રહેતા વેપારી પણ ખુશખુશાલ થઈ ગયા છે.

બળાત્કાર અને હત્યાના કેસમાં નરાધમને ૩૨ વર્ષની સખત કેદ

મહેસાણા ફુલુ ગામે ત્રણ વર્ષની બાળાનુ અપહરણ બાદ બળાત્કાર કરી હત્યા કરી હતી

મહેસાણા, તા. ૩૧

મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકા ફુલુ ગામે એક ત્રણ વર્ષની માસુમ બાળા પર બળાત્કાર ગુજારી તેણીની હત્યા કરવાના ગુનામાં પકડાયેલ આરોપીને મહેસાણા જિલ્લા અદાલતે આરોપીને દોષિત ઠરાવીને બળાત્કાર અને હત્યાના ગુનાના ૩૨ વર્ષની સખત કેદની સજા અને ૬૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

૨૦૧૩ના વિજાપુર તાલુકાના ફુલુ ગામે એક ત્રણ વર્ષની માસુમ બાળાનું એ શખ્સે અપહરણ કરી બળાત્કાર ગુજારતા તેણીનું કરૂણ મોત નિપજયું હતું. આ બનાવ અંગે વિજાપુર પોલીસે અપહરણ બળાત્કાર અને હત્યાનો ગુનો દાખલ કરી આરોપી ખુશાલસિંહ જગતસિંહ રાઠોડની ધરપકડ કરી હતી. આ કેસ મહેસાણા જિલ્લા અદાલતમાં ચાલી જતા સરકારી વકીલની દલીલોને ગ્રાહ્ય રાખી ન્યાયાધિશ વી.એસ. દવેએ ભારતીય ફોજદારી ધારાની જુદી જુદી કલમો હેઠળ ૩૨ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ. ૬૦ હજારનો દંડ ફટકાર્યો હતો. દંડની રકમમાંથી રૂ. ૫૦ હજાર બાળકીના પિતાને વળતર તરીકે આપવા માટે પણ નામદાર અદાલતે આદેશ કર્યો હતો.

પાલનપુર શહેરના વોર્ડ નં.૮માં આવેલ સુખબાગ રોડ ઉપર આવેલી શાંતિવન સોસાયટીમાં સર્વે નંબર ૫૯૭, ૫૯૮ અને ૫૯૯માં આવેલા પ્લોટ નંબર ૪૩ અને ૪૪માં નગરપાલિકાની મંજુરી વગર તેમજ બંને પ્લોટનું એકત્રીકરણ કર્યા વગર બાંધકામ કરવામાં આવતું હોવાથી સ્થાનિક લોકોએ આ બાબતનો વિરોધ ઉઠાવી આ બાંધકામ અટકાવી તોડી પાડવા નગરપાલિકાને રજુઆત કરવામાં આવી હતી. પરંતુ નગરપાલિકા દ્વારા આ બાંધકામ ન અટકાવાતા આજરોજ આ વિસ્તારના સ્થાનિક રહીશો નગરપાલિકામાં ધસી આવ્યા અને ચીફ ઓફિસર તેમજ પ્રમુખને રજુઆત કરી હતી. દરમયાન આ બાંધકામ બાબતે પાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, ચીફ ઓફિસર યુ.ડી. સિન્ધા તેમજ ટી.પી. કમીટીના ચેરમેન ભગવાનભાઈ પટેલે આ બાબતે ચર્ચા કરી બાંધકામ ઉપર હંગામી સ્ટે આપવાની લોકોને ખાતરી આપી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ક્રાંતિ ત્રિવેણીના પ્રણેતા અને રાષ્ટ્રનાયક સરદાર પટેલ ચારુતર વિદ્યામંડળના પ્રેરણા પુરુષ : ડૉ. સી.એલ. પટેલ

વલ્લભ વિદ્યાનગર, તા.૩૧

વર્તમાન સમયમાં દેશ સામે ઊભા થયેલા પડકારોને પહોંચી વળવામાં આજે પણ સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગદર્શક જણાય છે અને અખંડ

ભારતના શિલ્પીના જીવન અને કાર્યોમાંથી પ્રેરણા લઈને ઉજ્જવળ ભારતના ભવિષ્યને ઘડવા આપણે બધા કૃત સંકલ્પ રહીએ, એમ કહીને ચારુતર વિદ્યામંડળ (સીવીએમ)ના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલે અખંડ ભારતના શિલ્પી, ચારુતર વિદ્યામંડળના પ્રેરણા પુરુષ અને ચરોતરના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલના ૧૩૯મા જન્મદિને સરદાર પ્રેરિત ત્રણ ક્રાંતિ-હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ અને જ્ઞાન ક્રાંતિના યોગદાનનો ગૌરવભેર ઉલ્લેખ કરી રાષ્ટ્રનાયકને ભાવસભર અંજલિ અર્પી હતી.

ચારુતર વિદ્યામંડળ અને ભગિની સંસ્થાઓ ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળ અને ચારુતર આરોગ્ય મંડળના સંયુકત ઉપકમે સીવીએમ મુખ્યાલય સંકુલમાં સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલની અધ્યક્ષતામાં અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢના મુખ્ય અતિથિપદે સરદાર વંદના કાર્યક્રમ યોજાયો હતો. મંચસ્થ મહાનુભાવોમાં સીવીએમના માનદ મંત્રી પ્રિ. શનુભાઈ પટેલ તથા વિઠ્ઠલ ઉદ્યોગનગર એસોસિએશનના પ્રમુખશ્રી જગદીશભાઈ પટેલ હતા. માનદ મંત્રી પ્રિ. શનુભાઈએ સૌનું સ્વાગત કર્યું હતું અને માનદ કાર્યકારી મંત્રી ડૉ. જે.ડી. પટેલે સમારંભના અંતમાં સરદાર ગૌરવગાનમાં ભેગા થયા એમાં પરિવારના સ્વજનોનું ગૌરવ થયાનો ઉલ્લેખ કરીને એક જ કુટુંબના સભ્યોનો આભાર માનવામાં આવતો નથી એમ જણાવ્યું હતું. સરદાર વંદના કાર્યક્રમમાં સીવીએમના માનદ મંત્રીશ્રીઓ શ્રી વી.એમ. પટેલ, શ્રી બી.પી. પટેલ, ડૉ. એસ.જી. પટેલ તથા શ્રી એમ.જે. પટેલ ઉપરાંત ગર્વનિંગ બોડી અને કાઉન્સિલના સભ્યો, વિવિધ શિક્ષણ સંસ્થાના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સરદારપ્રેમી નગરજનો ઉપસ્થિત હતાં. પ્રારંભમાં રમા-મનુભાઈ કોલેજ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સના કલાવૃંદે પ્રાર્થના 'પ્રેમળ જયોતિ તારો દાખવી મુજ જીવન પંથ ઉજાળ' રજૂ કરી હતી. સમારંભ પૂર્વે સીવીએમના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ અને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ. હરીશ પાઢની આગેવાનીમાં સરદાર પટેલની પ્રતિમાને સરદારપ્રેમી મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. કાર્યક્રમનું સંચાલન સરદાર વલ્લભભાઈ પટેલ જીવન અધ્યયન સંશોધન સંસ્થાન (સેરલિપ)ના નિયામક ડૉ. હરિ દેસાઈએ કર્યું હતું.

અધ્યક્ષીય ઉદબોધનમાં ડૉ. પટેલે ચારુતર વિદ્યામંડળની ૧૯૪૫માં સ્થાપનાથી લઈને અત્યાર સુધી તેના વટવૃક્ષ તરીકે વિકાસના પ્રેરણાપુરુષ રહેલા સરદાર સાહેબના વિચારો અને કાર્યોનું સતત સ્મરણ કરીને સીવીએમમાં પોતાના પૂર્વસૂરિઓ પૂ. ભાઈકાકા, પૂ. ભીખાભાઈ સાહેબ અને ડૉ. એચ.એમ. પટેલ સાહેબના યોગદાનનો ગૌરવભેર ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે અમે ચારુતર વિદ્યામંડળમાં સરદાર સાહેબના વિચારો અને મૂલ્યોને કેન્દ્રમાં રાખીને શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરવા અને તક્ષશિલા અને નાલંદા જેવી વિદ્યાપીઠને ઘરઆંગણે ઉભી કરવાની સાથે જ હાર્વર્ડ અને કેમ્બ્રિજ જેવી ૨૧મી સદીની માંગને પહોંચી વળવા અત્યાધુનિક સુવિધાઓવાળી શિક્ષણ સંસ્થાઓ વિકસાવવા સતત ચિંતન કરતા રહીએ છીએ.



પાલનપુરના જુના ગંજબજાર ખાતે પણ શહેર ભાજપ અને સરદાર ક્રાંતિ સેના દ્વારા સરદાર પટેલની જન્મ જયંતી પ્રસંગે સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી તેમના કાર્યોને યાદ કરી આદરાંજલી પાઠવી હતી. આ પ્રસંગે પ્રદેશ ભાજપ પ્રશિક્ષણ સેલના કન્વીનર અને સરદાર પટેલ ક્રાંતિ સેનાના અધ્યક્ષ ગીરીશભાઈ જગાણીયા, શહેર ભાજપના મહામંત્રી નગીનદાસ મોદી, પાલનપુર નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ પઢિયાર, ગજાનંદભાઈ જોષી, મનોજભાઈ જોષી સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ઝાંઝરકાના ગાંધી હરજીવનદાસ પંડ્યાની ચિર વિદાય

અમદાવાદ, તા. ૩૧

'કનારસી' મુખપત્રના માનદમંત્રી હરજીવનદાસ પંડ્યાનું તા. ૭મી ઓકટોબરે અવસાન થયેલ હતુ. સ્વ. હરજીવનદાસ પંડ્યા ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના મહામંત્રી હતા. તેમજ દલિત સમાજની અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા અને ગાંધીવાદી વિચાર ધરાવતા કર્મષ્ઠ નેતા હતા. તેઓ તેમના ગામ ઝાંઝરકા પરથી ઝાંઝરકાના ગાંધી તરીકે પણ ઓળખાતા હતા. તેમણે અતિ પછાત જાતિઓમાં સર્વાંગી વિકાસ માટે રાત દિન સેવા કાર્ય કરતા હતા. તેવું ડેપ્યુટી કમિશ્નર ઓફ ઈન્કમટેક્ષ બી.કે. શ્રીમાળીએ સદગતની શોક સભામાં શ્રધ્ધાંજલિ પ્રવચનમાં જણાવ્યું હતું. સદ્ગતની શોકસભા તા. ૧૯મી ઓકટોબરે બપોરે ૧ વાગે યોજાઈ હતી. જેમાં સમાજ કલ્યાણ નિયામક અને અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેકટર આર.એન. જાદવ, ડૉ. દલપતભાઈ શ્રીમાળી, ભાનુભાઈ દવે, નટવરલાલ ગોહેલ સહિત અનેક સામાજીક સંસ્થાઓના આગેવાનો તેમજ જ્ઞાતિના આગેવાનોએ હાજરી આપી શ્રદ્ધાસુમન અર્પિત કર્યા હતા.

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ૨૫મો ખેલકૂદ રમતોત્સવ યોજાયો

પાટણ, તા.૩૧

પાટણ ખાતે આવેલી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી દ્વારા ૨૫મો ખેલકૂદ રમતોત્સવ આયોજીત કરાયો છે. તા. ૨૮મી ઓકટોબરે શરૂ થયેલા આ રમતોત્સવનું ઉદઘાટન રાજય સરકારના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કર્યું હતું. આ કાર્યક્રમમાં રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી રમણલાલ વોરાએ તેમજ પાટણના ધારાસભ્ય રણછોડભાઈ રબારીએ હાજરી આપી હતી. આ રમતોત્સવનું સમાપન તા. ૩૦મી ઓકટોબરે યુનિ.ના ઉપકુલપતિ ડૉ. દિપુબા દેવડાના હસ્તે પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોર અને યુનિવર્સિટીના બોર્ડ ઓફ સ્પોર્ટસના ચેરમેન શૈલેષભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરાયુંહતું. વકતાઓએ વિજેતા સ્પર્ધકોને અભિનંદન આપી ભાગ લેનાર તમામ સ્પર્ધકોને બિરદાવ્યા હતા.

ઉત્તર ગુજરાતના બજાર ભાવો

તલોદ

મગફળી	૪૦૦	૭૯૪
મકાઈ	૨૫૦	૨૭૦
રાયડો	૫૦૦	૫૯૧
એરંડા	૬૮૮	૭૦૫
ઘઉં	૩૧૦	૩૭૬
કપાસ	૮૦૦	૯૫૧
બાજરી	૨૦૮	૨૯૫
ગવાર	૮૫૦	૯૮૯
ડાંગર જયા	૨૪૦	૨૬૧

સલાલ

મગફળી	૪૫૦	૫૫૦
ઘઉં	૩૦૦	૩૫૫
બાજરી	૨૦૫	૨૫૦
ડાંગર જયા	૨૫૦	૨૭૦

પ્રાંતિજ

એરંડા	૬૦૧	૬૮૫
ઘઉં	૩૦૦	૩૬૦
બાજરી	૨૧૦	૨૫૦
ડાંગર જયા	૨૪૫	૨૭૧

ધનસુરા

તલ	૧૮૦૦	૨૧૮૦
એરંડા	૬૮૦	૬૯૦
મકાઈ	૨૩૦	૨૮૦
ઘઉં	૩૩૦	૩૭૦
કપાસ	૮૦૦	૧૦૦૦
બાજરી	૨૨૦	૨૬૦
ગવાર	૯૫૦	૧૦૦૧

ખેડબ્રહ્મા

ઘઉં લોકવન	૩૩૦	૪૦૧
ઘઉં ૪૯૬	૩૪૦	૩૮૦
મકાઈ	૨૪૬	૨૬૧
અડદ	૬૩૦	૬૮૦

મોડાસા

રાયડો	૫૦૦	૬૧૫
એરંડા	૬૮૦	૬૯૭
બાજરી	૨૧૦	૨૮૫
મકાઈ	૧૯૫	૨૬૭
ઘઉં	૩૨૦	૪૨૪
મગફળી	૫૫૦	૭૧૦
ગવાર	૭૮૬	૧૦૩૩
તલ	૨૩૦૦	૨૪૭૦
કપાસ	૯૦૦	૧૦૧૭
સોયા	૩૩૦	૬૭૩

ટીંટોઈ

મકાઈ	૧૯૦	૨૩૬
ઘઉં	૩૦૦	૩૬૨
કપાસ	૮૫૦	૮૬૧

દહેગામ

બાજરી	૨૨૦	૨૩૪
ઘઉં	૩૨૪	૩૫૨
ડાંગર	૨૦૦	૨૭૬
એરંડા	૬૮૪	૬૮૮
ગવાર	૯૬૦	૯૭૮
મકાઈ	૨૩૦	૨૮૫
તુવેર	૫૨૦	૬૨૫
જુવાર	૨૦૦	૩૦૦
રાયડો	૫૩૦	૫૯૦

રખિયાલ

બાજરી	૨૧૫	૨૩૦
ઘઉં	૩૨૦	૩૫૦
ડાંગર	૧૯૫	૨૭૦
એરંડા	૬૮૦	૬૮૫
ગવાર	૯૪૦	૯૭૫
મકાઈ	૨૨૦	૨૮૦
તુવેર	૫૧૦	૬૨૦
જુવાર	૧૯૦	૨૮૦
રાયડો	૫૨૦	૫૮૦

હિંમતનગર

મગફળી	૪૬૦	૭૬૮
એરંડા	૬૯૦	૭૦૧
ઘઉં	૩૨૦	૪૫૨
બાજરી	૨૨૦	૨૫૦
મકાઈ	૨૧૦	૨૪૦
અડદ	૩૨૫	૫૦૦
ગવાર	૧૦૦૦	૧૦૨૬
કપાસ	૭૭૦	૧૦૧૨

ઈડર

ઘઉં	૩૨૫	૪૦૮
મકાઈ	૨૩૦	૨૭૫
એરંડા	૬૮૦	૭૦૦
બાજરી	૨૩૦	૨૭૦
મગફળી	૪૨૫	૭૫૦
તલ	૧૫૦૦	૨૨૦૦
ગવાર	૯૦૦	૯૮૦
સોયબીન	૬૫૦	૬૭૮
અડદ	૫૦૦	૭૦૦

કડી

ઘઉં	૩૨૦	૪૦૨
ડાંગર	૨૪૦	૬૩૦
બાજરી	૨૦૮	૨૧૧
બંટી	૩૧૦	૩૪૫
તલ	૨૨૯૦	૩૦૧૭
ગવાર	૭૮૩	૧૦૧૯
એરંડા	૬૮૦	૬૮૯
રાયડો	૬૧૦	૬૨૬
જીરૂ	૨૨૦૦	૨૩૯૧
અસાળીયો	૫૦૪	૭૨૨

સિદ્ધપુર

મગ	૫૦૦	૧૦૬૦
તલ	૨૨૫૧	૨૮૧૬
અડદ	૨૫૦	૮૧૦
રાયડો	૫૮૦	૬૩૬
એરંડા	૬૮૪	૭૦૯
ગવાર	૬૯૫	૧૦૪૨
ઘઉં	૩૦૦	૪૧૬
બાજરી	૧૭૦	૩૦૭
ચોરા	૬૯૬	-

ઊંઝા

જીરૂ	૨૦૦૦	૨૮૨૫
વરીયાળી	૮૦૦	૨૧૫૦
ઈસબગુલ	૧૧૦૦	૧૪૬૧
સરસવ	૬૩૫	-
રાયડો	૬૦૫	૬૭૦
તલ	૨૨૩૦	૩૩૧૧
સવા	૬૧૩	૬૫૧

વિસનગર

ઘઉં	૩૧૦	૪૨૪
બાજરી	૧૯૦	૨૯૦
રાયડો	૬૦૦	૬૨૫
એરંડા	૬૮૩	૬૯૯.૫૦
ચોરા	૩૫૦	૧૨૦૦
કપાસ	૬૦૦	૧૧૧૧
અડદ	૩૦૦	૮૧૧
જુવાર	૪૦૦	-
તલ	૧૯૦૦	૨૮૧૦
જવ	૩૦૦	-
મગ	૫૦૦	૧૧૫૧
ગવાર	૭૦૦	૧૧૩૨
રજકાના બી	૧૨૦૦	૨૩૦૦
મકાઈ	૬૯૧	-

મહેસાણા

ઘઉં	૩૧૩	૪૦૦
જીરૂ	૨૧૯૦	-
રાયડો	૫૪૫	૬૨૫
મેથી	૫૦૦	-
તલ	૨૦૫૧	૨૬૮૧
બાજરી	૨૦૦	૩૧૬
એરંડા	૬૮૧	૬૯૨
અજમો	૭૦૦	૧૪૦૦
અડદ	૩૦૦	૬૨૦
ગવાર	૭૧૧	૧૦૦૯
બંટી	૩૪૨	૩૪૫

આંબલીયાસણ

ઘઉં	૩૧૪	૩૪૧
બાજરી	૨૧૯	૨૭૯
રાયડો	૬૦૮	૬૧૪
એરંડા	૬૮૭	૬૯૪
કપાસ	૮૯૦	૧૦૦૦
ગવાર	૯૬૭	૯૮૭
એરંડા	૬૯૦	૬૯૨
રાયડો	૫૯૨	૬૧૩
બાજરી	૩૧૧	-
કપાસ	૯૬૬	૯૯૦
ગવાર	૭૬૦	૯૮૦
તલ	૨૦૦૦	૨૫૦૬

હારીજ

રાયડો	૬૦૦	૬૨૧
એરંડા	૬૮૦	૭૦૦
બાજરી	૧૮૦	૨૬૧
ઘઉં	૩૦૫	૩૮૦
ગવાર	૮૦૦	૯૯૧
અડદ	૪૫૦	૭૨૧
મગ	૭૦૦	૧૧૫૦
મઠ	૫૦૦	૭૯૯
ચણા	૪૫૦	૬૬૫
જીરૂ	૨૨૦૦	૨૪૫૦
કપાસ	૮૫૫	૯૮૫
તલ	૨૩૦૦	૨૬૫૧
સાસટો	૨૯૦	૩૩૦
સવા	૫૫૦	૭૪૧
બંટી	૩૦૦	૩૩૧
મેથી	૫૦૦	૫૫૬

કલોલ

ઘઉં	૩૧૦	૩૭૬
એરંડા	૬૯૦	૬૯૬
બાજરી	૧૯૫	૨૫૫
રાયડો	૬૦૬	૬૦૮
ડાંગર	૨૧૦	૩૨૦
ગવાર	૯૫૭	૯૬૭
કપાસ	૮૨૦	૯૮૨

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સરદાર પટેલ માર્કેટ-અમદાવાદ

બટાટા દેશી	૨૦૦	૨૮૦
બટાટા ડીસા	૨૭૦	૩૦૦
ડુંગળી સૌરાષ્ટ્ર	૨૦૦	૭૦૦
ડુંગળી મહારાષ્ટ્ર	૫૦૦	૧૨૦૦
રીંગણ	૨૦૦	૫૫૦
રવૈયા	૩૦૦	૬૦૦
કોબીજ	૩૦૦	૪૦૦
ફુલાવર	૩૦૦	૭૦૦
ટામેટા પાકા	૩૦૦	૫૦૦
દૂધી	૩૦૦	૭૦૦
કાકડી	૧૬૦	૪૦૦
ગીલોડા	૪૦૦	૧૦૦૦
મરચાં દેશી	૨૦૦	૩૬૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન